૫૧મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ પાંચ દિવસીય ૫૧મી નિવાસી તાલીમ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શિબિરમાં મેનેજમેન્ટ ટ્રેનર શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃતિઓ થકી આદર્શ વિધાર્થી, આદર્શ સંતાન અને આદર્શ નાગરિક બનવા માટેના પાઠ શીખવ્યા હતા સાથે જીવન જરૂરી કૌશલ્યની તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે જાણીતા રીક્ષા ચાલક ઉદયભાઈ જાદવ અને નીસ્થાબેન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જીવન સંગર્ષ અને પોતાના અનુભવોની ચર્ચા કરી પ્રેરણા પૂરી પાડી હતી. સમાજની ઉમદા સેવા કરવા બદલ ઉદયભાઈ જાદવને સંસ્થાનાં ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા મોમેન્ટો આપી બિરદાવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. પૂર્વતાલીમાર્થીઓ દ્વારા ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સ રજુ કરવામાં આવ્યા હતા અને તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે પ્રા.ઉદય વૈદ્ય, પ્રા. દુષ્યંત ચાવડા, પૂર્વતાલીમાર્થી સુરજ, પ્રીતિ, ઉર્મિલા, હર્ષ, આરતી, યોગીતા અને જીગ્નેશ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

ડાયરેક્ટ સે

લોકો પહેલાં પોતાની જાત સામે નથી જોતાં અને એટલે એકબીજા પર આક્ષેપ લગાવે છે.

- ઈસુ

જન્મદિને વધામણી

શારદાબેન ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

તાજેતરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ''ગાંધી વિચાર' પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા રાજ્યની જુદી જુદી શાળાઓના અનેક વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. હીરામણિ શાળા (ગુજરાતી માધ્યમ)ની ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીની વૃશાંકી અશોકભાઈ બારોટે આ સ્પર્ધામાં તૃતીય ઈનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના પ્રમુખ નરહરિભાઈ અમીન, ઉપપ્રમુખ, નીતાબેન અમીન, મેનેજીંગ ટ્રસ્ટી વરૂણ નરહરિ અમીન, સી.ઈ.ઓ. ભગવતભાઈ અમીન, આચાર્ય ડૉ. ગુંજનભાઈ શાહ અને સંયોજક શિરીષભાઈ પટેલે બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

જીઆઈપીએસમાં વાર્ષિક રમતોત્સવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે મંગળવારના રોજ ૧૨મા વાર્ષિક રમતોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ હેઠળ શારીરિક સ્વાસ્થ્યના ભાગ રૂપે શાળાના નર્સરીથી લઈ ધો-૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ પોતાનામાં રહેલી પ્રતિભાશક્તિનો પરિચય આપ્યો હતો. સાથે સાથે કિસમસની પણ હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી, ડાયરેક્ટર, આચાર્ય, શિક્ષકગણ તેમજ વાલીગણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રમતોત્સવમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

એસ. વી. સ્કૂલમાં 'ક્રિસમસ'ની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્રિસમસની ઉજવણી થઈ ગઈ. બાળકો સાન્તા ક્લોઝના અને રેડ કલરનાં વસ્ત્રો પરિધાન કરી, ક્રિસમસ ટ્રી, સ્ટાર્સ,ચાર્ટ્સ, ચોકલેટસ વગેરે વસ્તુઓ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષકોએ ક્રિસમસ ટ્રી, સ્ટાર્સ,બલૂન્સ તથા અન્ય ચીજવસ્તુઓથી શાળાને અદભૂતરીતે શણગારી હતી. બાળકોએ 'જિંગલ બેલ'ના ગીત ઉપર મન મૂકીને ડાન્સ કર્યો હતો. શિક્ષકોએ બાળકોને ક્રિસમસ વિષે જાણકારી આપી,તેનું મહત્વ સમજાવ્યું હતું તથા શાળા પરિવાર તરફથી તમામ બાળકોને કેક અને ચોકલેટ આપવામાં આવી હતી,જે મેળવીને બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા. આ ઉજવણીમાં વાલીઓએ પણ સક્રિય સહયોગ આપ્યો હતો, જે બદલ આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે વાલી મિત્રો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ડિટર્જન્ટમાં વપરાતા નોનીલફેનલથી પર્યાવરણ અને આરોગ્યને થતી હાનિ

નોનિલફેનલ ઓર્ગેનિક પદાર્થ છે. ફિનોલમાંથી બનાવવામાં આવે છે. આ પદાર્થ ડ્રગ, પેસ્ટિસાઈડ્સ અથવા કાર્સિનોજન ગણાય છે. જીવસૃષ્ટિના શરીરમાં ભળવાથી આરોગ્ય માટે હાનિકારક બને છે. સૌ પ્રથમ ૧૯૪૦માં નોનીલફેનલ બનાવ્યું હતું. હવે, ડિટર્જન્ટ ઉપરાંત, લુબ્રિકન્ટ એડિટિવ્ઝ, ફોર્માલ્ડિહાઈ?ડ રેઝિન્સ, ઈપોક્સિ રેઝિન્સ તેમજ પોલિમેરિક સ્ટેબિલાઈઝર તરીકે નોનીલફેનલનો ઉપયોગ થાય છે. પ્લાસ્ટિક, ટેક્ષ્ટાઈલ, પેસ્ટિસાઈડ, લેધર અને પેઈન્ટ્સ, પર્સનલ કેર પ્રોડ્કટ્સ વપરાય છે. પ્રવાહીની ચીકાશને ઘટાડતા પદાર્થને સર્ફકટ્ન્ટસ કહે છે. નોનીલફેનલ ઓછું ખર્ચાળ અને અસરકારક સર્ફકટ્ન્ટ હોય, તેનો વપરાશ વ્યાપક બન્યો છે. આ દિશામાં તાજેતરમાં અમદાવાદ ખાતે મળેલ ચિંતન બેઠકમાં,પર્યાવરણ મિત્રના મહેશ પંડ્યા, દિલ્હી સ્થિત ટોક્સિક લિન્ક સંસ્થાના સતિશ સિંહા, હિતધારક એકમો, ગ્રાહક સુરક્ષા, અમદાવાદ, પર્યાવરણ કન્સલ્ટન્ટ, તજજ્ઞો, ડી.પી. પટેલ, નાયબ પર્યા. ઈજનેર જીપીસીબી, વેસ્ટ મેનેજમેન્ટના તજજ્ઞ ગાંધીનગરના નરેશ ઠાકર, કોલેજના વિદ્યાર્થીઓ, મીડિયાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠકને અંતે રાજ્યમાં આવેલ ટેક્ષટાઈલ હબ ગણાતા સ્થળો ખાતેથી નિકાલ કરાતા ગંદાપાણીનું સંબંધિત ઓથોરીટી મોનીટરીંગ કરીને ડેટાબેઝ તૈયાર કરવાનો પ્રારંભ કરવાનું નક્કી કર્યું. સાથોસાથ એક કોરગૃપની રચના કરીને આ સમસ્યાના લાંબાગાળાના હલ માટે સ્ટ્રેટેજી તૈયાર કરવાનું નક્કી થયું હતું.

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર દ્વારા ક્રિસમસ પર્વની આનંદમય ઉજવણી

ચિલોડા ખાતે સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર ખાતે ક્રિસમસ પર્વની આનંદભેર ઉજવણી કરવામાં આવી હતી. શાંતા ક્લોઝે બાળકોમાં આકર્ષણ જગાવ્યું હતું અને બાળકોને પર્વ નિમિત્તે આનંદની ભેટ આપી હતી.

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ સાયન્સ ઍન્ડ કોમર્સમાં રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી થેલેસેમિયા ટેસ્ટ યોજાયો હતો, જેનો લાભ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ લીધો હતો. ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને કેમ્પસ ડારેક્ટર પ્રો. રવિ કુમારે રેડ ક્રોસને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ ડો. ઉમંગ પંડ્યા અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને કર્યું હતું.

ગુજરાત લિટરેચર ફેસ્ટિવલનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી ભાષા-સાહિત્યના સૌથી મોટા મહોત્સવ સમાન 'ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલ'નું ઉદ્ઘાટન જ્ઞાનપીઠ પુરસ્કાર સન્માનિત રઘુવીર ચૌધરી અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાના હસ્તે ઉદ્ઘાટન થયું હતું. સૌપ્રથમ સેશનમાં 'થોટ્સ ઓફ ચંદ્રકાંત બક્ષી - રક્તમિજાજ' અને 'આપણે આંજણા' પુસ્તકના લેખક ડો. માસુંગ ચૌધરીએ રસપ્રદ વક્તવ્ય આપતા કહ્યું હતું કે, ''રઘુવીર ચૌધરીના શબ્દોમાં કહું તો ગુજરાત પાસે એનો હેમિંગ્વ નથી, પણ ચંદ્રકાંત બક્ષી છે. ૮મી સદીમાં થઈ ગયેલા સંસ્કૃત નાટ્યકાર ભવભૂતિની જેમ ચંદ્રકાંત બક્ષી પણ સમકાલીનો માટે બહિષ્કૃત ફૂલ જેવા હતા. તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ માટે 'એન એરા ઓફ ડાર્કનેસઃધ બ્રિટિશ એમ્પાયર ઈન ઈન્ડિયા' બુક માટે શશી થરુરની પસંદગી કરાઈ છે. શશી થરુરે નવા શબ્દો થકી અંગ્રેજી ભાષાને વૈભવશાળી બનાવી છે, એ રીતે ચંદ્રકાંત બક્ષીએ વિવિધ ભાષાના નવ્ય શબ્દો થકી ગુજરાતી ભાષાને ઈવોલ્યૂટ કરી છે. ચંદ્રકાંત બક્ષીની દરેક નવલકથામાં નાયકમાં કયાંકને કયાંક બક્ષીનું પ્રતિબિંબ જોવા મળે છે. બક્ષીની દરેક નવલકથા શ્યામ છે, એ રીતે બક્ષીએ બ્લેકબ્યૂટીનો મહિમા કર્યો છે. ચંદ્રકાંત બક્ષી પર 'કુત્તી' વાર્તા માટે ગુજરાત સરકારે ક્રિમિનલ કેસ કર્યો અને પછી બક્ષીએ કહ્યું કે પોલીસે રજિસ્ટરમાં મારો ડાબો અંગૂઠો સ્ટેમ્પ-પેડ પર દબાવીને છાપ લીધી ત્યારે મને થયું કે આ ગુજરાતી સાહિત્ય માટે મારા જમણો અને ડાબો બંને અંગૂઠા કામ આવી ગયા.''

છગનભા રમતોત્સવમાં એસ જી સ્કૂલ ઝળકી

તાજેતરમાં કડી ખાતે યોજાયેલ છગનભા રમતોત્સવમાં એસ.જી. શાળાના વિદ્યાર્થીઓ ગોળા ફેંક, કરાટે, બેડમિંટન, લાંબી કૂદ તેમજ કબ્બડીમાં પ્રથમ વિજેતા ક્રમ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય તેમજ શાળા પરિવારે અભિનંદન આપ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

નગરના વિશિષ્ટ સેવાભાવી પરિવારે રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર ખાતે સર્પ બચાવ અને પક્ષી સંરક્ષણની સેવા આપનાર તથા અત્યાર સુધી લગભગ ૧૪૦૦ સાપ તથા ૧૬૦૦ જેટલા ઘાયલ પક્ષી રેસ્ક્યુ કરનાર પરિવારે ગુજરાતના ગર્વનર આચાર્ય દેવવ્રતની મુલાકાત લીધી હતી. આ પર્યાવરણ પ્રેમી પરિવારમાં પ્રદિપ સોલંકી, તેમના પત્નિ અને બરોડા ગુજરાત ગ્રામિણ બેંકમાં ફરજ બજાવતા મનિષાબેન, દિકરી ધ્રુવા અને ધ્રુમિલનો સમાવેશ થાય છે.

૨૭મીથી અમદાવાદમાં પ્રોપર્ટી શો આરંભાશે

ગાંધીનગર, તા. ૨૫

અમદાવાદના મહતમ રીયલ એસ્ટેટ ડેવલપર્સનું પ્રતિનિધિત્વ કરતી અગ્રગણ્ય સંસ્થા ગાહેડ ક્રેડાઈ દ્વારા તા.૨૭, ૨૮ અને ૨૯ ડીસેમ્બર-૨૦૧૯ દરમ્યાન ૧૪મા પ્રોપર્ટી શોનું આયોજન ગુજરાત યુનિવર્સીટી કન્વેન્શન સેન્ટર, હેલ્મેટ ક્રોસ રોડ, મેમનગર, અમદાવાદ ખાતે કરવામાં આવેલ છે.

શહેરમાં યોજાનાર આ ફ્લેગશિપ ઈવેન્ટમાં ૬૫ થી વધુ અગ્રગણ્ય ડેવલપર્સ દ્વારા વિવિધ વિસ્તારોમાં આકાર લઈ રહેલ ૧૫૦ થી વધુ રીઅલ એસ્ટેટ પ્રોજેક્ટ્સની માહિતી ઉપલબ્ધ કરવામાં આવશે.

''સને ૨૦૦૫થી વર્ષો વર્ષ યોજવામાં ગાહેડ ક્રેડાઈ પ્રોપર્ટી શોમાં સમાજના તમામ સ્તરના નાગરિકોના બજેટને અનુકુળ વિવિધ પ્રોજેક્ટ્સની વિગતો એક જ સ્થળેથી મળી રહેતી હોવાથી મિલકત ખરીદદારો અને રીયલ એસ્ટેટ સેકટરમાં રોકાણ કરનાર નાગરિકો **most trustwrothy one Roof destination** અને ડેવલપર્સ માટે પોતાના પ્રોજેક્ટ્સ રજુ કરવા માટે **strong platfrom** પૂરું પાડતો આ કાર્યક્રમ સૌ માટે સેતુ સમાન છે. જેમાં સંભવિત ખરીદદારોને રહેણાંક ઉપરાંત કોમર્શીયલ સ્પેસ,વીકએન્ડ હોમ વિગેરે સેગમેન્ટ્સના વૈવિધ્યપૂર્ણ અને રેરા-મંજૂર પ્રોજેક્ટ્સ વિષે માહિતી મળવાની સાથે ખુબ જ સુંદર વિકલ્પોની ઉત્તમ તક પણ મળતી હોય છે. વધુમાં ઓછા વ્યાજ દરથી અને સરળતાથી હાઉસિંગ લોન મેળવવા માટે અગ્રગણ્ય બેન્કર્સ તેમજ ફાઈનાન્સ કંપનીઓ તરફથી માહિતી પણ મળી રહે તે હેતુથી જાણીતી બેન્કિંગ અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ, અને **Allied Industry** પણ પ્રતિનિધિત્વ કરી રહેલ છે.

આથી અમારી સંસ્થા અમદાવાદના તમામ નાગરિકોને તેમના ડ્રીમ હોમ્સ, ઓફીસ સ્પેસ અને અન્ય પ્રોપર્ટી ખરીદવા અને સાથે સાથે સ્પોટ ફાઈનાન્સની જાણકારી મેળવવા ગાહેડ આ આયોજનની મુલાકાત લેવા સૌને નિમંત્રિત કરીએ છીએ એમ ગાહેડ ક્રેડાઈના પ્રમુખ, અજય પટેલે જણાવ્યું હતું.